
## વડીલોને વંદન

## અભિનંદન



મુળુભા મકવાણા
(૧૯૩૮) મો.૯૪૨૮૮૦૫૬૨૮

### બુલેટ ટ્રેન માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનના સ્ટેશનોમાં બાન્દાર-કુર્લા, થાણે, વિરાર, બોઈસર, વાપી, સુરત, ભરૂચ, વડોદરા, નડિયાદ આણંદ અને અમદાવાદ રહેશે. અમદાવાદ-મુંબિ બુલેટની ગતિ ૩૫૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. ત્રણ કલાકના ગાળામાં આ ટ્રેન પહોંચી જસે. પીપીપી મારફતે આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ તરીકે આને જોવામાં આવે છે. બુલેટ ટ્રેન મામલે લોકસભાની ચૂંટણી દરમિયાન મોદીએ વાત કરી હતી.

### દંડ વસુલ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

છેલ્લા એક સપ્તાહમાં પોણોલાખ જેટલી વસુલાત કરી છે. સ્વચ્છતાના મુદ્દે તંત્રએ ઘણા લાંબા સમય પછી દંડનીય કાર્યવાહી હાથ ધરી હોવાથી વેપારી આલમ પણ ચોંકી ઉઠી છે.

ગાંધીનગર શહેરને સ્વચ્છ શહેર બનાવવા માટે સરકાર કક્ષાએથી પણ ખાસ સૂચનાઓ આપી હતી. શહેરમાં ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન પ્રોજેક્ટ પણ ઝડપથી અમલી બનાવવા માટે તાકીદ કરી હતી.

કોર્પોરેશન દ્વારા ડોર ટુ ડોર કલેક્શનનો પ્રોજેક્ટ અમલી બનાવી દીધો છે. જો કે હજુ આખા શહેરમાં પ્રોજેક્ટ અમલી થતાં વધુ ૧૫ દિવસ જેટલો સમય લાગશે. શહેરમાં દરરોજ ૧૫૦ ટન જેટલો વેસ્ટ ઉત્પન્ન થઈ રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા માટેનું અભિયાન હજુ આગામી દિવસોમાં સઘન બનાવવાની વ્યુહરચના તૈયાર કરી દીધી છે. જેમાં સેક્ટરોના આંતરિક માર્ગોની સફાઈની બાબતનો પણ સમાવેશ થાય છે. ખાસ કરીને જાહેર વિસ્તારોમાં સ્વચ્છતા પર વિશેષ ભાર મુકવામાં આવી રહ્યો છે.

# ડભોડા મહિલા દૂધ મંડળીની રસાકસીભરી ચૂંટણીમાં દૂધ સરિતા વિકાસ પેનલ વિજય

ગાંધીનગર, તા. ૨૦

તાલુકાના ડભોડામાં આવેલ મહિલા દૂધ મંડળીની રસાકસીભરી ચૂંટણી આજે યોજાઈ હતી. ચૂંટણીમાં પરિવર્તન પેનલ અને વિકાસ પેનલ વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો હતો. જેમાં દૂધ સરિતા વિકાસ પેનલનો વિજયનો ધ્વજ લહેરાયો હતો.

જિલ્લામાં એકમાત્ર મહિલા દૂધ મંડળી તાલુકાના ડભોડામાં આવેલી છે. આ મહિલા મંડળીમાં ૨૪૫ સભાસદો છે. ત્યારે આજરોજ મંડળીની ચૂંટણી યોજવામાં આવી હતી. મહિલા મડંળીની ચૂંટણીમાં પરિવર્તન પેનલ અને દૂધ સરિતા પેનલે ઝંપલાવ્યું હતુ. ગામના જ બે જૂથો વચ્ચે ચૂંટણી યોજાવાથી ગામમાં ચૂંટણીને લઈને વાતાવરણમાં ગરમાવો આવી ગયો હતો.

ચૂંટણીમાં પરિવર્તન પેનલે નગારાનુ નિશાન અને દૂધ સરિતા વિકાસ પેનલે ગાય-વાછરડુ નિશાન રાખ્યુ હતુ. ત્યારે આ ચૂંટણીમાં ચોમાસાને લઈને નગારામાં હવા લાગી ગઈ હોય તેમ હવાઈ જવા પામ્યું છે. અને ગાય-વાછરડુ દ્વારાદૂધની સરિતા છલકાવવામાં આવી છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

દૂધ સરિતા વિકાસ પેનલમાં દક્ષાબેન પટેલ બિન હરીફ વિજેતા જાહેર થયા છે. તે સિવાયના આનંદીબેન પટેલ, હંસાબેન પટેલ, કોકીલાબેન પટેલ, જીજ્ઞાબેન પટેલ, ભીખીબેન પટેલ, સુરેખાબેન પટેલ અને રીટાબેન પટેલ વિજેતા બન્યા છે. દૂધ સરિતા વિકાસ પેનલ વિજયી બનતા તમામ ઉમેદવારોને અબીલ-ગુલાલ છાંટી વધાવવામાં આવ્યા હતા. પરિવર્તન પેનલના ઉમેદવારોનો પરાજય થયો છે.

# બજેટમાં દર્શાવાતા અંદાજો મોટા અને તેની સામે ઓછા ખર્ચની નીતિ, વિકાસ કાર્યો અટક્યા

**કોંગ્રેસના દંડક બલવંતસિંહ રાજપૂતના રાજ્ય સરકાર પર ઉગ્ર આક્ષેપ : બજેટમાં દર્શાવેલ અંદાજ કરના સરેરાશ ૧૫ ટકા જેટલુ ઓછુ ખર્ચ કરાયું : ખોટા અંદાજો દ્વારા પ્રજાને ગુમરાહ કરાય છે : બલવંતસિંહ**

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના દંડક તેમજ સિદ્ધપુરના ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ માં રાજ્ય સરકારે બજેટમાં દર્શાવેલ અંદાજો કરતા ઓછો ખર્ચ કરવાની નીતિની ઝાટકણી કાઢી હતી. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૩-૧૪માં રાજ્ય સરકારે ૧.૧૧ લાખ કરોડનું બજેટ જાહેર કરવામાં આવ્યું હતું. તેની સામે માત્ર ૮૭.૯૦ ટકા એટલે કે ૯૭,૪૪૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ વિગતો કેન્દ્ર સરકારની કેગની વેબસાઈટ પર ઉપલબ્ધ હોવાના ઉલ્લેખ સાથે રાજ્ય સરકાર દ્વારા જે અંદાજો બજેટ દ્વારા ગૃહમાં મુકાય છે તે મુજબ ક્યાંય ખર્ચ કરવામાં નથી આવતી અને ગુજરાતની પ્રજાને ગુમરાહ કરવામાં આવે છે તેવો આક્ષેપ કર્યો હતો.

દંડક બલવંતસિંહ રાજપૂતે જણાવ્યા મુજબ વર્ષ-૨૦૧૩-૧૪ માં મહેસુલી આયોજન માટે ૨૪,૧૬૪ કરોડની રકમ અંદાજવામાં આવીહતી. જેની સામે રૂ. ૪૧૬૪ કરોડની રકમ એટલે કે ૧૮ ટકા ખર્ચ કરવામાં આવ્યો નહોતો જેને કારણે રાજ્યના આર્થિક અને સામાજિક વિકાસના આયોજનમાં ગુજરાત અન્ય રાજ્યોની સરખામણીઓ પાછળ રહી જવા પામ્યું છે. આ ઉપરાંત આ કારણે રાજ્યના શિક્ષણ, આરોગ્ય, લઘુમતી કલ્યાણ, અનુસૂચિત જાતિ કલ્યાણ, અનુ. જનજાતિ કલ્યાણ, આરોગ્યની સેવાઓ તેમજ મજૂર કલ્યાણ વગેરેમાં વિવિધ વર્ગોને મળતી સીધી સહાયોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આથી તેમણે રાજ્ય સરકારને તાકીદે બજેટ વાસ્તિવક સ્વરૂપમાં મુકવુ જોઈએ તેવી માગણી કરી છે. આયોજન મુડી ખર્ચા અંગે જણાવતા તેમણે રૂપિયા ૨૬,૨૨૬ કરોડની સામે ૧૩ ટકા જેટલુ બજેટ વાપરવામાં નથી આવ્યુ અને રાજ્યમાં મુડી અસ્કયામતો જેટલી વધવી જોઈએ તેટલી વધી નથી તેથી સિંચાઈ, ઉર્જા અને નર્મદા વિકાસના કાર્યો તેમજ ઔદ્યોગિક ક્ષેત્રના આંતર માળખાકીય સુવિધાઓમાં પણ કાર્યો થયા નથી તેવો આક્ષેપ કર્યો છે.

રાજ્ય સરકાર દ્વારા અંદાજેલ આવકો રૂપિયા ૧.૧૦ કરોડની સામે રૂ. ૧૭,૫૮૮ કરોડનું દેવુ લીધેલ છે અને કર આવકો રૂ. ૭૩૩૨૮ કરોડની ઉભી કરવાની હતી તેમાં ૧૦ ટકા જેટલી આવકો રાજ્યની ઓછી થઈ છે. જેના માટે સરકારે સઘન પગલા લેવા જોઈએ તેવી ઉગ્ર માંગ કરી છે. આ સાથે તેમણે રાજ્યની નાણાંકીય સ્થિતિ સારી નથી અને રાજ્ય દેવાના ખપ્પરમાં હોમાતુ જાય છે તેવા આક્ષેપ સાથે તાકીદે નાણાંકીય વ્યવસ્થાપનના પગલા લેવા માંગણી કરી હતી.

# જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીમાં છુટાછવાયા બનાવો

**૯૦ બેઠકો માટે ૧૫૬ ઉમેદવારોના ભાવી ઈ.વી.એમ. મશીનમાં સીલ**

ગાંધીનગર, તા. ૨૦

જૂનાગઢ મહાનગરપાલિકાની આજે યોજાયેલી ચૂંટણીમાં છુટાછવાયા બનાવોને બાદ કરતાં શાંતિપૂર્ણ રીતે ચૂંટણી સંપન્ન થવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ જૂનાગઢ મહાનગરપાલિકાની ૨૦ વોર્ડોની ૯૦ બેઠકો માટેની આજે ચૂંટણી યોજાઈ હતી. જેમાં સવારથી જ મતદારોએ મતદાન મથકો પર લાઈનો લગાવીને શાંતિપૂર્ણ રીતે મતદાનનો પ્રારંભ કર્યો હતો. મતદારોએ મતદાન કરીને ૧૫૬ ઉમેદવારોના ભાવી ઈ.વી.એમ. મશીનમાં સીલ કર્યા હતા.

જૂનાગઢ મહાપાલિકાની આજે યોજાયેલી ચૂંટણીઓ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે શહેરમાં સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

જો કે આજે મતદાન દરમ્યાન કેટલાક વોર્ડમાં છુટાછવાયા બનાવો બનવા પામ્યા હતા. એક સ્થળે ભાજપ કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થવા પામ્યું હતું તો એક ઉમેદવાર ઉપર હુમલો કરવાની પણ ઘટના બનવા પામી હતી.

આજે યોજાયેલી જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીઓ છુટાછવાયા બનાવોને બાદ કરતાં એકંદરે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થવા પામી હતી.

જૂનાગઢ મહાનગરપાલિકાની આજે યોજાયેલી ચૂંટણીની મતગણતરી ૨૨મી જુલાઈના રોજ યોજાશે. અને બપોર સુધીમાં પરિણામ બહાર આવી જાય તેવી શક્યતા છે.

### યોજના વિસરાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ હાલની સ્થિતિએ શહેરના સર્કલોની યોગ્ય દરકાર ન લેવાતા નગરની આગવી ઓળખ સમા સર્કલો રોનક ગુમાવી રહ્યા છે. શહેરમાં નવનિર્મિત સર્કલોને વિકસાવવાની કાર્યયોજના અન્વયે પણ ઘણાં સમયના અંતે સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી નથી. જ્યારે અન્ય સંસ્થાઓની દરખાસ્તો પણ રીન્યુ ન થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. નવ વિકસિત સેક્ટરોમાં સર્કલો વિકસાવવાના સૂરે આમ પણ અન્યાય થતો હોવાની લાગણી પ્રબળ બની છે. આવા સંજોગોમાં નવા સર્કલો તરફ પણ તંત્ર દ્વારા ધ્યાન કેન્દ્રીત ન થતા સર્કલોના નવા નામાભિધાન બાદ નામ પ્રમાણે સર્કલો વિકસાવી શકાયા નથી.

# બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના પ્રમુખ પદે મનોજ અનડકટ

અમદાવાદ, તા.૨૦

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની આજે ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં ભાજપ સમર્પિત પેનલનો જ્વલંત વિજય થતાં હવે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં પણ ફગવો લહેરાયો છે. આ સાથે જ કાઉન્સિલના ચેરમેન પદે મનોજ અનડકટની અને વાઈસ ચેરમેનપદે યશવંતભાઈ બસાણીની સર્વાનુમતે વરણી થઈ છે. આ ચૂંટણીનો કોંગ્રેસના પાંચ સભ્યોએ બહિષ્કાર કર્યો હતો. આજે બપોરે ત્રણ કલાકે રાજસ્થાનથી તમામ સભ્યો બાર કાઉન્સિલની ઓફિસમાં આવી પહોંચ્યા હતા. આ સભ્યો સીધા જ ચૂંટણી માટે બાર કાઉન્સિલના ખંડમાં પહોંચી ગયા હતા. ૧૮ સભ્યોની હાજરીમાં આ ચૂંટણી સમ્પન્ન થઈ હતી જેમાં ચેરમેન સહિતના તમામ સભ્યોની સર્વાનું મતે વરણી થઈ હતી. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન તરીકે મનોજભાઈ અનડકટ, વાઈસ ચેરમેન તરીકે યશવંતભાઈ બસાણી, એક્ઝ્યુકિટીવ કમિટિમાં વિજય પટેલ, એનરોલમેન્ટ કમિટિમાં બહાદુરસિંહ જાડેજા, ફાઈનાન્સ કમિટિમાં અનિરૂદ્ધસિંહ જાલા, શિસ્ત કમિટિ અનિલ કેલ્લા, જીએનએન કમિટિમાં અનિલભાઈ પટેલ, રુલ્સ કમિટિમાં હિરાભાઈ પટેલની સર્વાનુમતે વરણી થઈ હતી. ઉલ્લેખનીય છે કે, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ૨૫ સભ્યોપૈકી અંદાજે ૧૮ સભ્યો ભાજપ સમર્થક હોવાનું મનાય છે જ્યારે પાંચ સભ્યો કોંગ્રેસ તરફી અને બે સભ્યો તટસ્થ છે. આ ચૂંટણી પહેલા ભાજપે તેના ૧૫ સભ્યોને રાજસ્થાનના પ્રવાસે મોકલી આપ્યા હતા. જેને સીધા રવિવારે બાર કાઉન્સિલની ઓફિસે મતદાન માટે પહોંચાડાયા હતા જ્યારે કોંગ્રેસ તરફી પાંચ સભ્યોએ આ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ભાજપના પ્રભારી જેજે પટેલ છે. તેમણે ૨૦૦૬થી ભાજપ સમર્થક વકીલોનો દબદબો જાળવી રાખ્યો છે. મહારાષ્ટ્ર ભાજપ લીગલ સેલનો ચાર્જ પણ તેમની પાસે છે.

### ભાવો આસમાને

● અનુસંધાન પહેલાનું ચાલુ

જીવન જરૂરિયાતોના ભાવ આસમાને પહોંચી ગયા છે. ચોમાસાની સિઝનમાં શાકભાજીના ભાવો માઉન્ટ એવરેસ્ટ સર કરી રહ્યા છે.

વધતી જતી મોંઘવારીથી ઘરની મહારાણીઓનું મેનેજમેન્ટ ખોરવાઈ રહ્યું છે. સરકાર દ્વારા પણ ઠાલા આશ્વાસનો આપવામાં આવે છે કે ભાવો ઓછા થશે, પરંતુ ક્યારે ? તેવા સવાલો ગૃહિણીઓ કરી રહી છે. ચોમાસામાં શાકભાજીના ભાવો તળીયે હોય તેની સામે વધી રહ્યા છે.

જે શાકભાજી ચોમાસાની સિઝનમાં ખાવાની ઈચ્છા રાખી હતી તેવી શાકભાજીને જોઈને જ મન મનાવી લેવાની ફરજ પડી રહી છે. ત્યારે ગૃહિણીઓએ જણાવ્યું છે કે અબકી બાર...ની સરકારે આ દિશામાં પગલા લેવાની તાતી જરૂરિયાત છે.

# એક જ પોલીસ સ્ટેશનમાં પાંચ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલોની બદલી કરાશે

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના તમામ જિલ્લાઓમાં એક જ પોલીસ સ્ટેશનમાં પાંચ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલોની બદલી કરવાનો ગૃહ વિભાગે નિર્ણય કર્યો હોવાનું જાણવા મળે છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સઘન બનાવવાના ભાગરૂપે ગૃહ વિભાગ દ્વારા હવે પોલીસ સ્ટેશનોમાં એક જ પોલીસ સ્ટેશનમાં પાંચ વર્ષના સમયથી પોલીસ કોન્સ્ટેબલો ફરજ બજાવતા હશે તેમની અન્ય પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવે આ અંગે તમામ જિલ્લા પોલીસ અધિક્ષકોને સૂચનાઓ આપી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જે પોલીસ કોન્સ્ટેબલ એક જ પોલીસ સ્ટેશનમાં પાંચ વર્ષ જેટલા સમયથી ફરજ બજાવતા હશે તેને ૨૫ કિ.મી. દૂરના પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પોલીસ સબ ઈન્સ્પેક્ટર કક્ષાના અધિકારીઓની એક જ સ્થળે ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ફરજ બજાવતા હશે તેમની બદલી કરવામાં આવશે.

### નગરજનોમાં નિરાશા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખેડૂતો દ્વારા કપાસ જેવા વધુ પિયત માંગતા પાકોને બદલે એરંડા જેવા ઓછા પાણીથી થતી ખેતીને પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. નગરમાં પણ લોકોને વરસાદ ઓછો થવાથી શાકભાજીની અછત ઉભી થવાથી તેના ભાવ વધારાને વેઠવો પડી રહ્યો છે. શાકભાજીના પાકમાં ઉતારા ઓછા આવવાથી તેના ભાવો વધી ગયા છે જેની માઠી અસર ગૃહિણીઓના બજેટ પર પડી રહી છે.

હવે જુલાઈ માસના બાકીના જૂજ દિવસો તેમજ ઓગષ્ટ માસમાં સારો વરસાદ થાય તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે. વિવિધ જ્યોતિષીઓ, હવામાન શાસ્ત્રીઓ તેમજ સરકારી હવામાન ખાતા દ્વારા કરાતી વરસાદની આગાહીઓ પ્રમાણે વરસાદ વરસ્યો નથી પરંતુ હવે મેઘરાજા કૃપા કરે તો આવાનારા તહેવારોની સીઝનમાં નગરજનોને રાહત મળે તેવી આશા રખાઈ રહી છે.

## શબ્દાવલી - ૫૪૫૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| | ■ | ૭ | | ૮ | ■ | ૯ | |
| ૧૦ | | | ■ | ૧૧ | ૧૨ | ■ | |
| | ■ | | ■ | ૧૩ | | ૧૪ | |
| ■ | ૧૫ | ■ | ૧૬ | ■ | ૧૭ | | ■ |
| ૧૮ | | | | ■ | ૧૯ | | ■ |
| ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | | ■ | ૨૩ |
| ૨૪ | | ■ | ■ | | ■ | ૨૫ | |

### આડી ચાવી

૧. જેમાં માલ ભર્યો હોય તે ખાલી બાંધણ કે પાત્ર (૪)
૪. મશ્કરી (૩)
૭. ભુંજેલા ચણાના ફાડીયા(૩)
૯. રોકો, થોભ (૨)
૧૧. મિત્ર, ભાઇબંધ (૨)
૧૩. ભુરા રંગની ગાય જેવું વન્ય પ્રાણી(૪)
૧૭. ... ભગત, ઠગ ભગત (૨)
૧૮. આંગડીયા દ્વારા કોઇ વસ્તુ મોકલીએ તેને... કર્યું કહેવાય(૪)
૧૯. લીંપણ (૨)
૨૦. ખીલ્યા વગરનું ફૂલ (૨)
૨૧. નહીંતર (૩)
૨૪. માટલામાંથી પાણી કાઢવાનું પાત્ર (૨)
૨૫. દાદર, દાદરો (૨)

### ઊભી ચાવી

૧. બારણાનું ચોકઠું (૪)
૨. જબરાઇ (૪)
૩. પવાલી, ટાંકી (૨)
૫. જાહેરખબરને ટૂંકમાં... કહેવાય (૨)
૬. મોહક, સુંદર (૪)
૮. રાત્રિ, નિશા (૩)
૧૨. ઇચ્છુક, તીવ્ર ઇચ્છા (૫)
૧૪. બેડુ, ઘડો (૩)
૧૫. આગળો, બારણાની કડી(૪)
૧૬. ક્યારની (૩)
૧૮. આંકડીયો, આંક (૩)
૨૨. દેવું (૨)
૨૩. સીગરેટ, ચીરુટ (૨)

### શબ્દાવલી ૫૪૫૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) તબેલો (૩) જપતપ (૬) જખમેરૂ (૮) ડંકી (૧૦) ચલો (૧૧) લતા (૧૨) ચીર (૧૩) પ્રતાપ (૧૪) ણચાટ (૧૬) પંડ (૧૮) નાચવું (૧૯) જચવુ (૨૨) નડ (૨૩) બોગનવેલ

**ઊભી ચાવી :-** (૧) તડફંચી (૨) લોજ (૩) જમેલો (૪) પરૂ (૫) પરીતાપ (૭) ખચકાટ (૯) કીરણ (૧૧) લડાડવું (૧૩) પ્રપંચ (૧૫) ચાળવું (૧૭) ખંજન (૨૦) ચડ (૨૧) શૂલ

## ટાઈમ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમને સલાહ લેવી પડતી નથી, કારણ કે તેઓ ખુદ સ્કૂલમાં આચાર્યા હતા. સ્કૂલનો એક આચાર્ય તેમના સહ શિક્ષકો પાસેથી કેવું કામ લેવું તે જાણે છે...

વિધાનસભાનું સત્ર પૂર્ણ થવામાં છે ત્યારે ગમે તે સમયે રાજયના વહીવટી તેમજ પોલીસ તંત્રમાં ધરખમ ફેરફારો આવી રહ્યાં છે. સિનિયર નેતાઓ નવી દિલ્હી ભણી છે ત્યારે ગુજરાતમાં નવા પોસ્ટીગમાં કોને ક્યાં મૂકવા તેની મથામણ ચાલે છે. દિલ્હીમાં માત્ર પીએમઓ માં આપણા ૧૨ ગુજરાતીઓ છે. આઠ થી દસ ઓફિસરો ડેપ્યુટેશન ઉપર દિલ્હી છે. હવે આઈપીએસ ઓફિસરો દિલ્હીની દોટમાં સામેલ છે ત્યારે રાજયમાં જિલ્લા અને શહેરોમાં નવી નિમણૂકો કરવાની થશે, એટલે કે હવે -મોશન અને ટ્રાન્સફરની મોસમ આવી રહી છે...

**સ્ટેચ્યુ ઓફ યુનિટી નેશનલ -ોજેક્ટ બન્યો...**

સ્ટેચ્યુ ઓફ યુનિટી એ નરેન્દ્ર મોદીનો ડ્રીમ -ોજેક્ટ છે. નર્મદા નદીની વચ્ચે કેવડિયા પાસે ૧૮૨ મીટરની ઉંચાઈનું સરદાર પટેલનું સ્ટેચ્યુ બનાવવાનો કુલ ખર્ચ ૨૯૮૦ કરોડ થવાનો છે અને તેનું બાંધકામ એલ એન્ડ ટી કંપનીને સોંપવામાં આવ્યું છે. મોદીના સપનાનું સ્ટેચ્યુ બન્યું તો તે વિશ્વમાં એક કમાલ હશે, અન્યથા જો તેમાં ફંડની કોઈ ગરબડ થઈ તો સઘળા રૂપિયા પાણીમાં પડી જશે. આ પ્રોજેક્ટને પૂર્ણ કરવામાં ગુજરાત સરકારની જેટલી ઉત્સુકતા છે તેનાથી વધારે ઉતાવળ ભારત સરકારને છે. કેન્દ્રએ આ પ્રોજેક્ટ માટે પાર્લામેન્ટમાં ૨૦૦ કરોડની જોગવાઈ કરી ત્યારે અન્ય પાર્ટીઓએ સ્વામી વિવિકાનંદના સ્ટેચ્યુ માટે પણ માગણી કરી હતી...

સ્ટેચ્યુ ઓફ યુનિટીને નેશનલ પ્રોજેક્ટનો દરજ્જો આપવામાં આવ્યો છે. હવે આ યોજના ગુજરાત અને ભારત એમ બન્ને માટે પડકારજનક બની ચૂકી છે. આ પ્રોજેક્ટને જયારે જાહેર કરવામાં આવ્યો ત્યારે કેટલાય અભ્યાસ કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં અભ્યાસ અને સર્વેક્ષણ પાછળ કુલ ૨૭.૬ કરોડનો ખર્ચ કરી દેવામાં આવ્યો છે. એલ એન્ડ ટી કંપનીએ સત્તાવાર એવી જાહેરાત કરી છે કે ચાલુ ચોમાસા પછી સ્ટેચ્યુ ઓફ યુનિટીનું બાંધકામ શરૂ કરી દેવામાં આવશે. ગુજરાત સરકારે તેના ગયા વર્ષના બજેટમાં ૧૦૦ કરોડની જોગવાઈ કરી હતી અને ચાલુ વર્ષના બજેટમાં નાણા વિભાગે ૫૦૦ કરોડના ફંડની જોગવાઈ કરી છે....

**ધારાસભ્યોની અવઢવ, કોને સાથ આપવો...**

ગુજરાત ભાજપના દિગ્ગજ નેતા અમિત શાહ પાર્ટીના રાષ્ટ્રીય નેતા બની જતાં ભાજપના ધારાસભ્યો અવઢવમાં મૂકાઈ ગયા છે. રાજયના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલને સપોર્ટ કરવો કે રાષ્ટ્રીય પ્રેસિડેન્ટને સપોર્ટ કરવો તે સમજાતું નથી. એક સિનિયર ધારાસભ્યએ જણાવ્યું હતું કે અમારા માટે નેતાની પસંદગી કપરી બની છે કારણ કે હવે પછીના ઈલેકશનમાં ટીકીટ માટે અમિત શાહની પરમિશન લેવાની થશે, બીજી તરફ ચીફ મિનિસ્ટરની ભલામણ પણ કામ કરશે. જો કે પાર્ટીના મહિલા ધારાસભ્યો બિન્દાસ છે. તેમને આવી કોઈ ચિંતા નથી, કારણ કે મોટા બહેનનો તેમને સંપૂર્ણ સાથ રહ્યો છે...

ગુજરાતમાં જૂનાગઢ મહાનગરની ચૂંટણી પૂર્ણ થઈ છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી ૨૦૧૫માં યોજાવાની છે ત્યાં સુધી પાર્ટીના પ્રદેશ લિડરો અને કાર્યકર્તાઓએ તેમના વફાદાર નેતાને સિલેક્ટ કરવાના થાય છે. પાર્ટીના સિનિયર નેતા કહે છે કે અમે તો અમિત શાહની સાથે હતા અને તેમને કાયમી સહકાર આપવાના છીએ. અલબત્ત, અમિત શાહ માત્ર ગુજરાત પુરતા સિમિત નેતા રહ્યાં નથી. તેઓ નરેન્દ્ર મોદીની જેમ રાષ્ટ્રીય નેતાની હરોળમાં ટોચ ઉપર આવી ચૂક્યા છે તેથી તેમની પાસે ભારતના તમામ રાજયોના સંગઠનની ડોર આવી ગઈ છે. બીજા નેતા એવું માને છે કે અમિત શાહ પાસે અનેક રાજયો છે તેથી સ્થાનિક ચૂંટણીઓમાં પ્રદેશ પ્રમુખ અને ચીફ મિનિસ્ટરનું ચાલશે...

**પાકિસ્તાન પણ ગુજરાતના વિકાસથી અંજાયું છે...**

ગુજરાતના વિકાસમાં ભાજપના અન્ય રાજયો ઉપરાંત પાડોશી દુશ્મન દેશ પાકિસ્તાનને રસ પડ્યો છે. મોદીના રાજયમાં ૨૪ કલાક વીજળી મળે છે. પાણીની કોઈ મુસિબત નથી. રસ્તાઓ ઉત્તમ બન્યા છે. ઔદ્યોગિક ડેવલપમેન્ટ વધ્યું છે. એગ્રીકલ્ચરમાં ઉત્પાદન વધ્યું છે. ગુજરાતમાં દૂધની નદીઓ વહે છે. સોલાર પાવરમાં ગુજરાત નંબર વન બનવા જઈ રહ્યું છે. બીઆરટીએસ અને રિવરફ્રન્ટ એ ગુજરાતના શહેરોની નવી ઓળખ બની છે. અમદાવાદની સાબરમતી નદી ઉપર બનાવેલા રિવરફ્રન્ટની આભાએ પાકિસ્તાને આંજી દીધું છે...

પાકિસ્તાનનું ચાર સભ્યોનું એક ડિલેગેશન ત્રણ દિવસ માટે ગુજરાતના -વાસે આવ્યું છે. ખાસ કરીને આ પ્રતિનિધિઓ રિવરફ્રંન્ટ પ્રોજેક્ટથી અભિભૂત બની ચૂક્યાં છે. લાહોર કમિશનર રસીદ મહેમૂદ અને લાહોર ડેવલપમેન્ટ ઓથોરિટીના ડાયરેક્ટર જનરલ અહાદ ખાન ચીમા પણ તેમાં જોડાયા છે. આમ જોઈએ તો મોદી પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછી પાકિસ્તાનને ઈન્ડિયામાં રસ પડ્યો છે. પ્રાઈમ મિનિસ્ટર નવાઝ શરીફ અને મોદી વચ્ચેની મંત્રણાએ આખા વિશ્વને અચંબામાં મૂક્યું છે ત્યારે પાકિસ્તાનના પ્રતિનિધિઓ ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે. આ અગાઉ પાકિસ્તાનથી પાવર ક્ષેત્રના નિષ્ણાંતો ચારણકાના સોલાર સિટીની મુલાકાત લઈ ચૂક્યાં છે. એવું કહેવાય છે કે પાકિસ્તાનને ગુજરાતમાંથી વીજળી જોઈએ છે તેથી તેઓ ગુજરાત સાથે સબંધો બાંધવા ઉત્સુક બન્યા છે....

**જીઓ થર્મલમાં ગુજરાત બીજાક્રમે...**

જીઓ થર્મલ પાવર પ્રોજેક્ટ શરૂ કરવામાં ગુજરાત છત્તીસગઢ પછી ભારતનું એવું બીજું રાજય બનશે કે જયાં ગરમ પાણીના ઝરામાંથી વીજળી પેદા થશે. ૨૦૧૩માં છત્તીસગઢ રાજયએ જીઓ થર્મલ પ્રોજેક્ટ ઉપર કામ શરૂ કરી દીધું છે અને હવે ૨૦૧૪માં ગુજરાતે આ પ્રોજેક્ટ માટે તૈયારી બતાવી છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (આઈએસઆર) ના ડાયરેક્ટર જનરલ ડો. બી. કે. રસ્તોગીએ કહ્યું હતું કે જર્મનના નિષ્ણાંતોએ ગુજરાતના ઉર્જા સંભવિત ત્રણ ક્ષેત્રો ધોલેરા, ટુવા, ઉનાઈ અને ચોપરામાં સંશોધન કાર્ય શરૂ કર્યું છે. તેમના મતે આ સ્થળે અંદાજે બે થી ત્રણ મેગાવોટનો પાવર પ્લાન્ટ સ્થાપી શકાય તેમ છે...

આખા વિશ્વમાં જીઓ થર્મલ મારફતે ૧૧,૪૦૦ મેગાવોટની વીજળી પેદા થાય છે. આ ગ્રીન વીજળી છે તેથી તેમાં પ્રદૂષણને કોઈ અવકાશ નથી. ભારતમાં છત્તીસગઢ, ગુજરાત ઉપરાંત આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં જીઓ થર્મલ પાવર પ્લાન્ટ વિકસાવી શકાય છે કારણ કે આ સ્થળોએ ગરમ પાણીના ૩૪૦થી વધુ ઝરા આવેલા છે, જયાં ટર્બાઈન ગોઠવીને સીધી વીજળી મેળવી શકાય તેમ છે. ગુજરાતમાં આવી ૧૬ જગ્યાઓ આવેલી છે. આ તમામ જગ્યાએ પ્રોજેક્ટ સ્થાપવામાં આવે તો જીઓ થર્મલથી ૪૦૦ મેગાવોટ વીજળી પેદા થઈ શકે છે.

**હવે બિઝનેસ ફ્રેન્ડલી પ્રવાસન નિતી...**

ગુજરાત પ્રવાસન નિગમની મિલકતોને ખાનગી ઓપરેટરો ચલાવી શકે તે માટે રાજય સરકાર બિઝનેસ ફ્રેન્ડલી નવી ટુરિઝમ પોલિસી જાહેર કરવા જઈ રહી છે. આ નિગમે હાલ તેની ઉપલબ્ધ -ોપર્ટી કે જયાં તોરણ રેસ્ટોરન્ટ છે ત્યાં પ્રાઈવેટ પ્લેયર્સને સોંપવાનો નિર્ણય કર્યો છે. જો કે આ વખતે જમીન વેચવાનો કોઈ ઈરાદો નિગમ ધરાવતું નથી પણ પ્રોપર્ટી લીઝ અથવા ભાડે આપવા માગે છે. એવી જ રીતે દરિયાકિનારાના ૧૨ જેટલા બીચ ઉપર ઈકો સ્પોર્ટ્સ ટુરિઝમ વિકસાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ડીલ હળવી બનાવવામાં આવી છે તેથી નક્કી કરેલા -વાસન સ્થળોએ સોદા પાર પડી જાય તેવું લાગી રહ્યું છે...

પ્રવાસન સ્થળોએ વિદેશી અથવા અન્ય રાજયોના પ્રવાસીઓને લિકરની મંજૂરી મળે તે માટે નશાબંધીની નિતીમાં કેટલીક છૂટછાટ લેવા નિગમે રાજય સરકાર પાસે મંજૂરી માગી છે. ટુરિઝમની નિતીમાં મિલકતો ઉપરાંત તેની મોકાની જગ્યાઓનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે. એટલે કે ખાલી પ્લોટ ઉપર થ્રી કે ફોરસ્ટાર સુધીની હોટલો બનાવવાની પરવાનગી પણ નિગમ આપી શકે છે. હાલ તો ઈકો સ્પોર્ટ્સ એક્ટિવિટી અને રેસ્ટોરન્ટ માટેની -ક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. નિતી હળવી બનાવવાનું મુખ્ય કારણ એ છે કે પ્રવાસન નિગમે અત્યાર સુધી વેચવા કાઢેલી પ્રોપર્ટીમાં કોઈ પ્રાઈવેટ પ્લેયરોએ એટલો બધો ઉત્સાહ બતાવ્યો નથી. છેલ્લા ત્રણ વર્ષમાં શરૂ કરેલા ચાર -યાસો નિષ્ફળ ગયા પછી નિગમ હળવું બન્યું છે...

**ગુજરાત ભ્રમણ કરનારા નેતાઓ ખૂબ ઓછા...**

ગુજરાતના ફુલટાઈમ અવેલેબલ ચીફ મિનિસ્ટર બધાં મુલાકાતીઓને -મથી મળે છે. તેમનામાં આવેલું આ પરિવર્તન જોઈને ધારાસભ્યો સાથે કાર્યકર્તાઓને પણ નવાઈ લાગે છે. સરકારી કે પ્રાઈવેટ ફંકશન ન હોય ત્યારે સપ્તાહના પાંચ દિવસ ઓફિસમાં ઉપસ્થિત રહેતા આનંદીબેન પટેલ પ્રત્યેક મુલાકાતીને સમય આપે છે. વિપક્ષના સભ્યો કે વિપક્ષના ભૂતપૂર્વ સભ્યોને પણ તેઓ મળે છે. અત્યાર સુધી તેઓ તેમની ચેમ્બરમાં ૧૦ હજાર લોકોને રૂબરૂ મળી ચૂક્યા હશે. ઓફિસમાં કામ કરવાથી તેઓ થાકતા નથી. લોકોને મળવા છતાં તેમના ચહેરા ઉપર કંટાળો આવતો નથી...

આનંદીબેનની એક ખૂબી એ છે કે તેઓએ ગુજરાતમાં સૌથી વધુ પ્રવાસ મોટરમાર્ગે કર્યો છે. પાર્ટીના એક નેતાના જણાવ્યા પ્રમાણે આનંદીબેન પટેલ રાજયના વિવિધ જિલ્લાઓમાં એટલું ફર્યા છે કે તેમના જેટલો પ્રવાસ કદાચ ૧૩ વર્ષ શાસનમાં રહેનારા તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીનો નહી હોય.. ભાજપમાં કેશુભાઈ પટેલ અને શંકરસિંહ વાઘેલા એવા નેતાઓ હતા કે જેમણે ગુજરાતના લગભગ તમામ ગામોનો પ્રવાસ કરેલો છે. પાર્ટીમાં એવા નેતાઓ ઘણાં ઓછા છે કે જેમણે આખા ગુજરાતનું ભ્રમણ કર્યું હોય. ખાસ કરીને જેમના માથે પાર્ટીના સંગઠનની જવાબદારી હોય તેમણે રાજયભરનું ભ્રમણ કર્યું હોય તો તેમને પરિસ્થિતિનો ખ્યાલ આવી શકે છે...